19-6-97



ચક્ષુની માફક આત્મા માત્ર જાણે-દેખે જ છે; પરને તો કરતો નથી, રાગાદિને તો કરતો નથી પણ સંવર–નિર્જરા ને મોક્ષના પરિણમને પણ કરતો નથી. આહાહા! જે થાય તેનો માત્ર જાણનાર.....જાણનાર ને જાણનાર જ આત્મા છે.

—*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

કહાન સં. ૧૭ સં. ૨૦૫૩ [૬૪૪] * **આત્મધર્મ** * [અંક-૧૨ વર્ષ-૫૩] વીર સં. ૨૫૨૩ જૂન-૧૯૯૭

છે, મારાં કર્મ છે, મારી ક્રિયા છે...આ બધો મિથ્યાભાવ છે. હું એક સત્ ચિદાનંદ પ્રભુ છું, અતીન્દ્રિય આનંદનો નાથ છું, પુણ્ય-પાપના ભાવ કે તેનું બંધન અને તેનું ફળ મારી વસ્તુમાં નથી.

ભગવાન આત્મા તો ચૈતન્યસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, તેના ચૈતન્યસ્વભાવ સિવાય તેનાથી 'વિપરીતભાવ' અને તેનાથી થતો 'કર્મબંધ' અને તેના ફળસ્વરૂપ 'સંયોગ' આ ત્રણેયમાં અહમ્‌પણું તે મિથ્યાદર્શન છે. શુભ અને અશુભભાવ તો બંધના કારણ છે તેને પોતાના માને તે મિથ્યાદૃષ્ટિ છે અને મિથ્યાત્વને સેવીને બંધની પરંપરાને વધારે છે.

દયા, દાન, પૂજા અને વિષય-કષાયાદિ શુભ અને અશુભ ક્રિયા એ મારું કર્તવ્ય છે માટે તે હું જ છું એવો અભિપ્રાય તે મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વને સેવતો જીવ બંધને વધારતો જાય છે. શુભાશુભક્રિયામાં અહમ્‌બુદ્ધિ ન કરવી અર્થાત્ પોતાની ન માનવી અને તેમાં તન્મય ન થવું એ સમ્યક્‌સ્વભાવ છે અને તે નિર્જરાનું કારણ છે. શુભાશુભભાવ, ક્રિયા અને તેના ફળમાં એકતા નહિ કરતાં જ્ઞાનાનંદ-સ્વભાવમાં એકતા કરે તેને સંવર નિર્જરા થાય—ધર્મ થાય.

શુભ અને અશુભભાવ તો બંને એક જાત છે. દયા, દાનના ભાવ થાય કે હિંસા જૂઠના ભાવ થાય તે બંને આત્માથી વિરૂદ્ધભાવ છે.

શ્રોતાઃ—તો પછી અમારે કરવું શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી—બંને પ્રકારના ભાવોથી ભિન્ન પડીને આત્માનું હિત કરવું. શુભ અશુભભાવ તો વિકલ્પ છે, તે કાંઈ વસ્તુ નથી. આત્મા તો એક વસ્તુ છે તેમાં એકાગ્ર થવું તે જીવનું કર્તવ્ય છે. વિકલ્પમાં ઊભા રહેવું તે જીવનું કર્તવ્ય નથી.

અનાદિથી જીવની દૃષ્ટિ ખોટી છે અને તેને કહેનારા પણ એવા જ મળ્યા તેથી અનાદિથી ખોટા રસ્તે ચાલવાવાળાને આ સાચા રસ્તાની વાત સાંભળવી પણ કઠણ પડે છે. ખોટા માર્ગમાં જ તેનો ઝુકાવ રહે છે પણ શાંતિ મળતી નથી અને ચિદાનંદ ભગવાન આત્માના સુખની વાત સાંભળી નથી એટલે ક્યાં જવું એમ એને થાય છે.

હવે 'પુણ્ય-પાપ એકત્વ દ્વાર' કહે છે. પુણ્ય અને પાપ બંને એક જાત છે તે આ અધિકારમાં કહેશે.

करता किरिया करमकौ प्रगट बखान्यौ मूल ।
अब बरनौ अधिकार यह, पाप पुन्न समतूल ॥१॥

અર્થ:—કર્તા, ક્રિયા અને કર્મનું સ્પષ્ટપણે રહસ્ય વર્ણવ્યું. હવે પાપ-પુણ્યની સમાનતાનો અધિકાર કહું છું.

પુણ્ય-પાપ બંને બંધના કારણ છે. શુભભાવ સોનાની બેડી છે અને અશુભભાવ લોખંડની બેડી છે—બંને બેડી જ છે.

( મંગલાચરણ )

जाके उदै होत घट-अंतर,
बिनसै मोह-महातम-रोक ।
सुभ अरु असुभ करमकी दुविधा,
मिटै सहज दीसै इक थोक ॥
जाकी कला होत संपूरन,
प्रतिभासै सब लोक-अलोक ।
सो प्रबोध-ससि निरखि बनारसि,
सीस नवाइ देत पग धोक ॥२॥

જુઓ, આ બનારસીદાસ ! આચાર્યદેવે કળશમાં જે ભાવ કહ્યાં છે તે જ ભાવ પોતે પદ્યમાં કહે છે.

जाके उदै होत घट-अंतर । શુભ અને અશુભ બંને ભાવ બંધના જ કારણ છે એમ જાણી, તેનાથી ભિન્ન પડી, જ્યાં ચૈતન્યભાવ અંતરમાં પ્રગટ થાય છે કે 'હું તો શુદ્ધ ચૈતન્ય છું' એવી અનુભૂતિ થતાં હૃદયમાંથી મોહરૂપી મહા અંધકાર નષ્ટ થઈ જાય છે.

નિજ ચૈતન્યમૂર્તિ ભગવાનને પુણ્ય-પાપના રાગથી ભિન્ન પાડી સ્વરૂપમાં એકાગ્ર થતાં મહામોહનો અંધકાર નષ્ટ થઈ જાય છે. જેમ, સૂર્ય ઊગવાથી અંધકાર ચાલ્યો જાય છે તેમ ચૈતન્યસૂર્યનો પ્રકાશ થતાં મોહનો અંધકાર નષ્ટ થાય છે—મિથ્યાત્વ રોકાય જાય છે. અનાદિથી શુભ-અશુભ વિકલ્પોનો ઉદય થતો હતો તેમાં શુદ્ધચૈતન્યના પ્રકાશનો અનાદર થતો હતો હવે જ્યાં અંતરમુખ થઈને ભગવાન આત્માની શુદ્ધતાને જુએ છે, સ્પર્શે છે, આદર કરે છે ત્યાં સમ્યગ્જ્ઞાન જ્યોતિ પ્રગટ થાય છે.

सुभ अरु असुभकी दुविधा मिटै, सहज दीसै इक थोक । શુભ અને અશુભ એ બે ભાવરૂપે પોતાને દેખતો હતો તે બંને ભાવને મેલરૂપે જાણ્યાં ત્યાં તેનાથી ભિન્ન પડીને એક રૂપ જ્ઞાયકમૂર્તિને જુએ [ ૩

સમ્યગ્જ્ઞાન ચંદ્રમા અને કેવળજ્ઞાન ચંદ્રમાનો ઉદય થાય છે. જ્ઞાયકમૂર્તિનો અનુભવ તે સમ્યગ્જ્ઞાન છે અને આગળ વધીને તેમાંથી જ કેવળજ્ઞાન થાય છે.

**जाकी कला होत संपूरन...**જેમ ચંદ્રમામાં પહેલાં બીજ ઊગે છે પછી તેની કળા વધીને પૂર્ણ ચંદ્રમા થાય છે તેમ પ્રથમ તો શુભાશુભરાગથી ભિન્ન પડીને, અંતર્મુખ દૃષ્ટિ કરતાં સમ્યગ્જ્ઞાનની કળા ઊગે છે અને તે કળા શુભાશુભના બંને ભેદોને તોડતી, એકરૂપ સ્વભાવમાં એકાગ્ર થતી, સાધકદશા વધીને પૂર્ણ થાય છે. તે પૂર્ણકળા-કેવળજ્ઞાનમાં લોક અને અલોક બધું જેમ છે તેમ પ્રતિભાસે છે. તે **प्रबोध–ससि निरखि**—કેવળજ્ઞાન ચંદ્રમાને જોઈને બનારસીદાસજી મસ્તક નમાવીને વંદન કરે છે.

આ તો બહુ ઊંચા કવિ અધ્યાત્મકવિ છે. પહેલાં તો વ્યભિચારે ચડી ગયેલા હતાં, તેના પુસ્તકો બનાવેલા, મોટા જબ્બર કવિ હતા. જ્યાં સત્ય વસ્તુ હાથમાં આવી ત્યાં એ શૃંગારના પુસ્તકો ગોમતીનદીમાં વહાવી દીધા. અહો! ચૈતન્યભગવાનની પ્રાપ્તિ કરવા માટેનો માર્ગ તો કોઈ જુદો છે. પુણ્ય અને પાપ બંને વિકલ્પોને છોડી, દૃષ્ટિમાં એક ચિદાનંદ આત્માને લઈને તેમા એકાગ્ર થવું તે જ્ઞાનકળા છે.

પુણ્યપરિણામમાં એકત્વ થવું તે તો વ્યભિચાર છે. કારણ કે સહજાનંદમૂર્તિ આત્મા સુખસ્વરૂપ છે અને રાગ તો દુઃખરૂપ છે તે બંનેને એક માનવા તે વ્યભિચાર છે. સુખ અને દુઃખ એક કેમ હોય!

અરે! ધર્મના નામે કોઈ ક્રિયામાં ઉતરી પડયાં, કોઈ જાત્રામાં ઉતરી પડયાં, કોઈ ભક્તિમાં ઉતરી પડયાં...પણ એ બધી ક્રિયાના વિકલ્પથી પાર આત્મા રહેલો છે તેની અનુભૂતિ તે ધર્મ છે.

અહીં ચંદ્રમાનું દૃષ્ટાંત કેમ લીધું!—કે પુણ્ય-પાપના વિકલ્પમાં આકુળતા છે—અશાંતિ છે—આતાપ છે તેનાથી ખસીને જેણે ચૈતન્યનો આશ્રય લીધો તેને શીતળતા-શાંતિ મળી માટે ચૈતન્યને ચંદ્રની ઉપમા આપી છે. ચૈતન્યચંદ્રનો ઉદય થતાં મોહનો મહાઅંધકાર નષ્ટ થઈ જાય છે અને શુભકર્મ સારું છે અથવા અશુભકર્મ ખરાબ છે એ ભેદ મટીને બંને એકસરખા ભાસવા લાગે છે. પુણ્ય-પાપના ભેદ મટી જાય છે. બંને બંધના કારણ છે એમ ભાસે છે. આ ચૈતન્યચંદ્રની કળા વધીને પૂર્ણ થતાં કેવળજ્ઞાનમાં લોકાલોક ઝળકવા લાગે છે. તે કેવળજ્ઞાનરૂપ ચંદ્રમાનું અવલોકન કરીને પં. બનારસીદાસજી વંદન કરે છે.

આ એક કળશ થયો. હવે બીજા કળશના પદ્યમાં પુણ્ય-પાપની સમાનતા દૃષ્ટાંત આપીને સમજાવે છે.

जैसैं काहू चंडाली जुगल पुत्र जनें तिनि,
एक दीयौ बांभनकै एक घर राख्यौ है ।
बांभन कहायौ तिनि मद्य मांस त्याग कीनौ,
चंडाल कहायौ तिनि मद्य मांस चाख्यौ है ॥
तैसैं एक वेदनी करमके जुगल पुत्र,
एक पाप एक पुन्न नाम भिन्न भाख्यौ है ।
दुहूं मांहि दौरधूप दोऊ कर्मबन्धरूप,
यातैं ग्यानवन्त नहि कोउ अभिलाख्यौ है ॥ ३ ॥

અર્થ:—જેવી રીતે કોઈ ચંડાળણીને બે પુત્ર થયા તેમાંથી તેણે એક પુત્ર બ્રાહ્મણને આપ્યો અને એક પોતે રાખ્યો. બંને પુત્ર છે તો ચંડાળણીના પણ એક બ્રાહ્મણ કહેવાયો અને તે મદ્ય-માંસનો ત્યાગી થયો અને ચંડાલ કહેવાયો અને તે મદ્ય-માંસ ખાવા લાગ્યો. તેવી રીતે એક વેદનીય કર્મના પાપ અને પુણ્ય એ બે નામવાળા બે પુત્ર છે. તે બંનેમાં સંસારનું ભટકવું છે અને બંને બંધ-પરંપરાને વધારનારા છે તેથી જ્ઞાનીઓ બેમાંથી કોઈની પણ અભિલાષા કરતા નથી.

પુણ્ય અને પાપ બંને વિભાવ છે. ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે તેનાથી વિરૂદ્ધ એવી વિભાવપરિણતિના આ બંને પુત્રો છે માટે તે બેમાંથી કોઈ આત્માના સ્વભાવરૂપ નથી. શુભભાવ હો કે અશુભભાવ હો તે બંને સંસારના કારણ છે—સંસારમાં રખડાવનારા છે. બન્ને કર્મબંધન કરાવનારા છે. બંનેના નામ જુદાં જુદાં આપ્યા છે પણ પુણ્ય અને પાપ બંને વિભાવના જ પુત્રો છે.

दुहूं मांहि दौरधूप दोऊ कर्मबन्धरूप... પુણ્ય-પાપ બંને ભાવ સંસારમાં રખડાવનારા છે, કર્મનું બંધન કરાવનારા છે. ધર્મીજીવ એ બેમાંથી કોઈ ભાવની અભિલાષા કરતા નથી. કોઈ ભાવમાં મારાપણું ધર્મીને થતું નથી. શુભ-અશુભભાવની જાત એક છે અને તેનાથી બંધાતા પુણ્ય-પાપ કર્મના ફળમાં સંયોગો મળે છે તે કોઈ આત્માને હિતરૂપ નથી, સંસારમાં ભટકાવનારા છે.

પાપના ઉદયમાં શરીરમાં કીડા પડે, નિર્ધનતા આવે, લોકો અપમાન કરે એ... સંયોગો બને પુણ્યના ઉદયમાં તંદુરસ્ત શરીર મળે, ધનના ઢગલા થાય, જગ... ખમા... ખમા કરે, આવો... આવો પધારો કરે... એવા સંયોગો મળે. પણ ...

કોઈની અભિલાષા કરતાં નથી. જ્ઞાની જાણે છે કે આ બંને ભાવ વિભાવરૂપી ચંડાળના પુત્રો છે. બહારના સંયોગો આત્માને કાંઈ લાભરૂપ કે નુકશાનરૂપ થતાં નથી. માટે ધર્મી શુભ અશુભભાવને, તેના કર્મબંધનને કે તેના ફળમાં મળતાં સંયોગોને બિલકુલ ઇચ્છતો નથી.

ખાજા ખાવા મળતાં હોય, લાખ-લાખની મોટરમાં ફરવા મળતું હોય...તેથી શું ! આત્મા પોતાના સ્વક્ષેત્રને છોડીને કયાંય જતો જ નથી. માટે મોટરમાં પણ આત્મા તો પોતાના ક્ષેત્રમાં જ બેઠો છે, મોટરમાં બેઠો નથી. સોનાની ખુરશીમાં બેસીને સોના-ચાંદીની થાળીમાં ભાત-ભાતના ભોજન જમવા મળતાં હોય તો અજ્ઞાની તો ખુશ ખુશ થઈ જાય પણ એમ નથી જોતો કે આમાંથી મારા આત્મામા શું આવ્યું ? એ જ રીતે પાપના ઉદયમાં નિર્ધનતા આવી હોય, શરીર કાણુ હોય, એક આંખે દેખાતું ન હોય, કાને સંભળાતું ન હોય, ઘરમાં સ્ત્રી ન હોય...તેથી આત્મામાં શું ઓછું થયું ! કોઈ સંયોગો આત્મામાં નથી. તે બધા માત્ર જાણવાયોગ્ય છે તેને બદલે આ ઠીક અને આ અઠીક એવી અજ્ઞાનીની માન્યતા જ દુઃખરૂપ છે.

જડની મોટાઈથી આત્માની મોટાઈ માનનારા જડ છે.

શ્રોતાઃ—જડ છે કે જડબુદ્ધિ છે.

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—એ જડ જ છે. પર તરફ ઉપયોગ જાય છે એ પણ જડ છે તો પરમાં પ્રેમ કરનારા તો જડ જ હોય ને ! એ અચેતન છે-પાગલ છે-મરી ગયેલાં—મડદાં છે. નિર્ધનતા મને ઠીક નથી અને સધનતામાં મારી શોભા છે...એ બધી મૂઢતા છે. તું તો ચૈતન્ય મહાપ્રભુ છો ને ! તારા માલ પાસે નિર્મળ પર્યાય એ પણ એક અંશ છે માટે બારદાન છે તો પુણ્ય-પાપની ગણતરી તો જ્ઞાનીને કાંઈ હોય જ નહિ.

જ્ઞાની છખંડના રાજ્યમાં હોય કે સાતમી નરકમાં હોય પણ જ્ઞાનીને તેનો હરખ-શોક નથી. આ રૌરવ નરકની વેદના કરતાં તો કાંઈક અનુકૂળતા હોત તો સારું હતું એમ જ્ઞાનીને થતું નથી. સમકિતીને ઇન્દ્રનો અવતાર થાય, કરોડો દેવીઓ ખમા—ખમા—કરતી હોય. મોટા દેવો હાથીનું રૂપ ધારણ કરે તેના ઉપર ઇન્દ્ર બેસે છતાં આ મને ઠીક છે, સારૂં છે એમ સમકિતી માનતાં નથી.

જયપુરમાં રથયાત્રા કાઢી હતી તેમાં ૧૮ હાથી, ૧૮ ઊંટ અને બીજા રથ અને ૨૫-૩૦ હજાર માણસ...લોકોને એમ થઈ ગયું કે આ શું છે !... એ બધાં પુણ્યના ઠાઠ છે, એમાં કાંઈ આત્મા નથી, એમાં આત્માની શોભા નથી. આનંદનો નાથ

આત્મા આનંદની કળાથી ખીલે તેમાં તેની શોભા છે. બહારની શોભા કે અશોભા સાથે આત્માને કાંઈ સંબંધ નથી.

મખમલના ગાદલા ઉપર રેશમી ઝભ્ભો પહેરીને માનથી બેઠો હોય પણ આત્માનું ભાન નથી તો તેને શું સુખ છે? અને સાતમી નરકમાં બેઠો હોય પણ આત્માનું ભાન છે તો તું ત્યાં પણ સુખી છો બહારમાં તીવ્ર વેદના છે પણ તેને જ્ઞાની અઠીક માનતા નથી. એ તો જ્ઞાનનું જ્ઞેય છે એમ માને છે.

ધર્મીજીવને કોઈ ઓળખે તો તેની કિંમત થાય અને ન ઓળખે તો તેની કિંમત ન થાય એમ ન હોય. બહારમાં લોકો મને કાંઈક ગણતરીમાં લે, મોટો માને એવી અપેક્ષા ધર્મીને ન હોય. અજ્ઞાની તો કાંઈક આવડત હોય તો બધાને દેખાડવા માગે અને કાંઈક હીણી દશા હોય તો તેને ઢાંકે, શરીર કાળુ હોય અને કાણી આંખ હોય તો બાઈ સાડલો ઢાંકી રાખે એટલે કોઈને દેખાય નહિ—શું થયું છે આ પ્રભુ તને! તું તો સત્ ચિદાનંદ અનંત આનંદનો નાથ છો, આ શરીર ક્યાં તારું છે કે તેને ઢાંકવું પડે!

ધર્મીને તો આવી બધી બાબતોમાં સમાધાન જ હોય, હું તો આનંદ અને જ્ઞાન છું. અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ એ તો જડની લીલા છે, મારું તેમાં કાંઈ નથી. જ્ઞાનની મૂર્તિ અને આનંદના સાગરને પુણ્ય-પાપના રાગથી ભિન્ન પાડીને સ્વભાવમાં એકાગ્ર થતાં જે જ્ઞાનાનંદની કળા જાગે તે ધર્મ છે અને તેનો ધારક ધર્મી છે. બાકી, સામાયિક, પ્રતિક્રમણ આદિના પાઠો ભણી લે અને માન્યતા તો બધી એવી ને એવી પડી હોય તે કાંઈ ધર્મી નથી. ધર્મી તો પુણ્ય કે પાપ એમાંથી કોઈને ઇચ્છતો નથી.

અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગોની તો જીવમાં નાસ્તિ છે. આચાર્યદેવ કહે છે અમારે તો તને પ્રમત્ત અને અપ્રમત્ત અવસ્થાથી પણ જુદો એવો ચૈતન્યદેવ બતાવવો છે તો તું આ સંયોગમાં ક્યાં રોકાયો! તારા ધ્રુવમાં કોઈ પર્યાય જ નથી. આવા ધ્રુવસ્વભાવની અધિકતા જેને દૃષ્ટિમાં અને અનુભવમાં આવી તે કોઈ સંયોગોમાં વિશેષતા માનતો નથી. હીન કે અધિક કોઈ સંયોગોને તે પોતાના માનતો નથી.

આમ, શુભ અને અશુભ બંને ભાવ ભટકવાનો રસ્તો છે, તેનાથી સંસાર ટળતો નથી. શુભ-અશુભ બંને ભાવોથી હું જુદો છું, તેનાથી બંધાતા પુણ્ય-પાપ કર્મના બંધનથી હું જુદો છું અને તેના ફળમાં મળતાં અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોથી હું જુદો છું એમ તેનાથી ભેદજ્ઞાન કરીને આત્માને જુદો તારવી લેવો તે મંગળિકકાર્ય છે, તે ધર્મ છે, તેમાં જીવની શોભા છે. પાંચમાં પૂછાવું કે સભામાં સારું ભા

હોતા આવડવું કે લોકો રાજી થાય એવું બોલવું તેમાં જીવની શોભા નથી. વાંચતાં સારું આવડવું એ તો જડની ક્રિયા છે અને બહારનો ઉઘાડ છે તે પણ જડ છે તેમાં જીવની મોટપ નથી.

પુણ્ય-પાપભાવ, કર્મ અને સંયોગ અચેતન છે માટે ધર્મી તેને ઇચ્છતો નથી. એ તો ખરું જ છે પણ પોતાના ઉપયોગનું પર તરફ વલણ છે તે પણ અચેતન છે, દુઃખદાયક છે માટે ધર્મી તેને પણ ઇચ્છતો નથી. આવો મારગ છે બાપુ! જ્ઞાનીઓ કોઈની અભિલાષા કરતા નથી. અને અજ્ઞાનીને તો એક જરાં કાંઈ પુણ્ય કરે કે કાંઈક જાણપણું હોય તો પોતાને ડાહ્યો મનાવા માંગે છે કે અમારી કાંઈક ગણતરી તો કરો... ભાઈ! તારી ગણતરી સંસારમાં રખડનારા જીવોમાં થાય છે.

ધર્મી તો જાણે છે કે શુભાશુભભાવ, તેનું બંધન અને તેના ફળથી મારી ચીજ જુદી છે. કોઈ પણ વિકલ્પો મારી વસ્તુમાં ન હોય. આવું તો પ્રમાણજ્ઞાનમાં જાણે છે અને દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ તો પર્યાય પણ મારામાં નથી એમ ધર્મી જાણે છે તેથી પર્યાય આવી કરું એવી પણ જ્ઞાનીને ઇચ્છા નથી હોતી તો પુણ્ય કરું એવી ઇચ્છા કેમ હોય?

અજ્ઞાની તો ધર્મના નામે હિંસા મારે ખપે નહિ, માંસ-દારૂ મારે ખપે નહિ, પરસ્ત્રી ખપે નહિ એમ અશુભનો ત્યાગ કરે છે પણ શુભભાવને મારો માનીને સેવે છે. તે પણ વિભાવનો પુત્ર છે, મારો નથી—એમ જાણતો નથી. ચંડાળણીનો પુત્ર બ્રાહ્મણના ઘરે રહેવાથી બ્રાહ્મણ થઈ જતો નથી તેમ વિભાવનો પુત્ર અશુભ છોડીને શુભમાં રહે તોપણ તે કાંઈ સ્વભાવ થઈ જતો નથી. શુભ અને અશુભ બંને ભાવ વિભાવના જ પુત્રો છે. ભગવાન આત્મા એ વિભાવની પરિણતિથી તદ્દન જુદો છે. તેનું જેને ભાન છે તે શુભ કે અશુભ બેમાંથી એકેયને ઇચ્છતો નથી. [ ક્રમશઃ ]

## • પર્યાય પણ સ્વતંત્ર થાય છે •

જગતમાં અનંતા જીવો છે. તેમનાં દ્રવ્ય-ગુણ સરખા હોવા છતાં પર્યાયમાં વિચિત્રતા છે. ત્યાં પર્યાય પણ સ્વતંત્ર થાય છે. "આ કાળે આવી જ પર્યાય કરું" એમ જે માને તેને પર્યાયની સ્વતંત્રતાની પ્રતીત નથી, ને દ્રવ્ય-ગુણની પણ પ્રતીત નથી.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# તીર્થંકર હો, ચક્રવર્તી હો કે કઠિયારો હો, મુનિદશામાં બધા સમાનસુખી છે

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૭૪ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રમાં આ પ્રથમ અધિકારની ગાથા ૧૧૭ લેવાની છે.

जं मुणि लहइ अणंत सुहु णिय-अप्पा झायंतु ।
तं सुहु इन्दु वि णवि लहइ देविहिं कोडि रमंतु ॥ ११७ ॥

આ ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે આત્માને ધ્યાવવાથી જે સુખ મુનિરાજ પામે છે તે સુખ ઇન્દ્રાદિ દેવોને પણ દુર્લભ છે.

આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. તેની પ્રાપ્તિ આત્માને ધ્યાવવાથી જ થાય છે. મહામુનિઓ આત્માને ધ્યાવે છે તેથી તેમને આત્માનું અતીન્દ્રિય સુખ અનુભવમાં આવે છે.

અર્થ:—પોતાના આત્માને ધ્યાવતાં પરમ તપોધન જે અનંતસુખ પામે છે તે સુખને ઇન્દ્રાદિ દેવો કરોડ દેવીઓની સાથે રમતાં થકાં પણ પામતાં નથી.

હું પરના કાર્ય કરી શકું એવા અભિપ્રાયના શલ્યથી રહિત અને રાગથી મારું કલ્યાણ થશે એવી પરસન્મુખ દૃષ્ટિથી રહિત જીવ જ પોતાના અતીન્દ્રિય સુખને પ્રાપ્ત કરે છે. વિકલ્પોની આડમાં પડેલો ભગવાન આત્મા બહિર્મુખ દૃષ્ટિથી અનુભવાતો નથી. બીજાના કામ હું કરી શકું એમ માને છે ત્યાં સુધી તે શલ્યવાળા જીવને અંતરમુખ દૃષ્ટિ થવાનો અવકાશ નથી. શલ્યમાં અને વિકલ્પમાં રોકાય છે ત્યાં સુધી તે જીવને આનંદસ્વરૂપ ભગવાન આત્માનો આનંદ આવતો નથી.

શુભરાગથી મારું કલ્યાણ થશે એવી બુદ્ધિ પણ બહિરબુદ્ધિ છે—શલ્ય છે. આવા મિથ્યાત્વના શલ્યને કારણે તેને નિજસ્વરૂપનો અનુભવ થઈ શકતો નથી. માટે કહ્યું કે શલ્યમાં અને વિકલ્પમાં રોકાવાથી આનંદસ્વરૂપનો આનંદ આવતો નથી. ઇન્દ્રાદિદેવોને ઇન્દ્રિયસુખ છે પણ આત્માનું અતીન્દ્રિય સુખ તો તેને પણ દુર્લભ છે કેમકે દેવો પણ વિકલ્પની જાળમાં પડેલા છે. ઇન્દ્ર સમ્યગ્દૃષ્ટિ હોય છે તેથી ઇન્દ્રિયસુખમાં સુખ ન માને પણ અસ્થિરતા ઘણી પડી છે તેથી રાગની જાળમાં વિકલ્પમાં રોકાય

જાય છે. ઇન્દ્રાણીઓમાં અને વિષયોનાં રાગમાં રોકાય જાય છે તેથી મહામુનિઓને જે અતીન્દ્રિય સુખ અને આનંદ અનુભવમાં આવે છે તે આનંદ ઇન્દ્રને ઇન્દ્રાસનમાં પણ આવતો નથી.

આત્મા વીતરાગી આનંદસ્વરૂપ છે. તેને જે વીતરાગી દૃષ્ટિ અને વીતરાગી સ્થિરતા દ્વારા ધ્યાવે છે એવા પરમ તપોધન મુનિને અતીન્દ્રિય સુખ એ જ એમનું ધન છે. મુનિની દશા ઉત્કૃષ્ટ છે તેની વાત કરી છે પણ સમ્યગ્દૃષ્ટિને પણ અતીન્દ્રિય આનંદ હોય છે. સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વ છૂટી ગયું છે અને અનંતાનુબંધી કષાય છૂટી ગયો છે એટલા પ્રમાણમાં અસ્થિરતા છૂટી ગઈ છે અને આત્મામાં એકાગ્રતા થઈ છે. એટલા પ્રમાણમાં તેને પણ અતીન્દ્રિય આનંદ હોય છે. તેનું જ નામ ધર્મ છે.

મિથ્યાત્વશલ્યને છોડી, સમ્યક્ એવી નિઃશલ્યવૃત્તિને પ્રગટ કરી, સ્વભાવ સન્મુખતામાં સમ્યગ્દૃષ્ટિને જે આનંદ આવે છે એવો આનંદ જગતના કોઈ વિષયમાં નથી. સમ્યગ્દૃષ્ટિને એવો આનંદ હોય છે પણ અહીં તો મુનિરાજના આનંદ સાથે ઇન્દ્રોના આનંદની મેળવણી કરી છે. હું મારા સિવાયના અન્ય દ્રવ્યોના કાર્ય કરી શકું છું એવો અભિપ્રાય અને રાગ તથા રાગની ક્રિયાથી મને લાભ થાય એવો અભિપ્રાય મિથ્યાદૃષ્ટિને હોય છે તે શલ્ય છે. એવા શલ્યથી રહિત સમ્યગ્દૃષ્ટિ આત્માના અતીન્દ્રિય આનંદને પામે છે.

આ ધર્મની કથા કહેવાય છે હો! મિથ્યાઅભિપ્રાય અને રાગ-દ્વેષના પરિણામ અધર્મ છે. સમ્યક્ અભિપ્રાય અને આત્મસ્થિરતા દ્વારા જે અતીન્દ્રિય આનંદનો અંશ પ્રગટ થાય છે. તેને ભગવાન ધર્મ અને મોક્ષનો માર્ગ કહે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની એકતા તે મોક્ષમાર્ગ છે. મુનિને આ ત્રણેય એકસાથે છે તેમાં પણ સ્વરૂપમાં લીનતા વિશેષ જામી છે—પરિણતિમાં ભગવાન બિરાજ્યા છે તેથી જે આનંદ આવે છે તેની પાસે ઇન્દ્રના ઇન્દ્રાણીના સુખ તો ઝેર સમાન છે.

સુખિયા જગતમાં સંત, દૂરિજન દુખિયા રે...

આત્માને પકડીને અતીન્દ્રિય આનંદને વેદે છે—અનુભવે છે તે જીવ જ સુખી છે. તે સિવાય મિથ્યાશલ્ય અને રાગ-દ્વેષમાં રમી રહ્યા છે તે દુર્જનો દુઃખી છે. જુઓ! આમાં શેઠિયાઓને શેમાં ગણવા? સુખીયામાં કે દુઃખિયામાં!

જેણે અનંતગુણરૂપ સત સમાજને નિશ્ચિત થઈને દૃષ્ટિમાં લીધો તે 'સંત' છે. અહીં તો ચારિત્ર સહિતની વિશેષ ઉગ્રતા બતાવવી છે પણ સમ્યગ્દૃષ્ટિ પણ જઘન્ય સંત છે. મુનિરાજ તો ચારિત્ર સહિત અનંતસુખને અનુભવે છે. 'અનંતસુખ' કહ્યું છે.

અહો! ચારિત્ર સહિતના સુખનું શું કહેવું! અનંતસુખ એટલે ધર્મ એ જ મોક્ષનો માર્ગ છે. મોક્ષના માર્ગમાં આનંદ છે, દુઃખ નથી. આચાર્યદેવે મુનિના આનંદ અને સુખથી વાત ઉપાડી છે.

આ તો પરમાત્મપ્રકાશ છે ને! પરમાત્મા અનંત આનંદનો કંદ છે. તેની દૃષ્ટિ વડે સમ્યગ્દૃષ્ટિ વસ્તુને અનુભવે તેની કરતા મુનિ વીતરાગી સ્થિરતા દ્વારા વસ્તુને અનુભવે છે તેથી તેના આનંદને 'અનંતઆનંદ' કહે છે. બંધમાર્ગ દુઃખમાં જાય છે અને મોક્ષમાર્ગ આનંદમાં જાય છે. મિથ્યાશલ્ય અને રાગ-દ્વેષના ભાવ દુઃખરૂપ છે તે બંધમાર્ગ છે અને ભગવાન આત્માને નિઃશલ્ય દૃષ્ટિ અને સ્થિરતા દ્વારા અનુભવતા આનંદ આવે છે તે અનંત છે. આ અનંત અતીન્દ્રિય આનંદ પૂર્ણ અતીન્દ્રિય અનંત આનંદરૂપ મોક્ષનું કારણ છે.

શ્રોતાઃ—આ છટ્ઠા ગુણસ્થાનથી માંડીને મુનિદશામાં આવતા આનંદની વાત છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી—હા. આનંદ તો સમ્યગ્દૃષ્ટિને ચોથાથી પણ આવે છે પણ અહીં તો મુનિએ સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ચારિત્રના વિશેષ આનંદની વાત કરી છે. કોઈ એમ કહે કે અરે! મુનિને તો બહુ પરિષહ સહન કરવા પડે, બહુ કષ્ટ વેઠવા પડે... તેની સામે આ વાત કરે છે કે મુનિ તો અનંત આનંદને અનુભવે છે. તું મુનિના સ્વરૂપને સમજ્યો જ નથી એટલે તને મુનિપણામાં કષ્ટ છે એમ દેખાય છે. મોક્ષમાર્ગ રમતાં મુનિની દશા કેવી હોય તેની તને ખબર નથી. મુનિ તો આનંદના ઝુલે ઝુલે છે માટે મુનિને દુઃખ છે એ વાત રહેવા દેજે—છોડી દેજે.

અતીન્દ્રિય આનંદમાં રમવું એનું નામ દીક્ષા છે. કપડાં છોડવા કે પંચમહાવ્રત પાળવા, નગ્ન રહેવું, તે દીક્ષા નથી. રાગ તો દુઃખરૂપ દશા છે. દુઃખરૂપ દશાને દીક્ષા કેમ કહેવાય! મુનિ તો અતીન્દ્રિય આનંદના ઝરણાને અંદરમાં પીવે છે. નિર્વિકલ્પ આનંદરસ પીવે છે તે મુનિ છે, તે મોક્ષમાર્ગી છે. મુનિદશા આકરી છે એટલે કે ઉત્કૃષ્ટ પુરુષાર્થે પ્રાપ્ત થાય તેવી છે, આકરી એટલે દુઃખરૂપ છે—એમ નથી.

ભાવાર્થઃ—અહો! મુનિને અભ્યંતરથી જેટલો મિથ્યાત્વનો પરિગ્રહ ગયો, અસ્થિરતાનો પરિગ્રહ જેટલો ગયો એટલા જ પ્રમાણમાં બાહ્યમાં નિમિત્તરૂપ પરિગ્રહનો સંબંધ પણ છૂટી ગયો. વસ્ત્ર, પાત્રાદિનો સંબંધ છૂટી ગયો. મોક્ષના મારગ કોઈ અલૌકિક છે, લોકો કલ્પીને બેઠા છે એવો મોક્ષનો મારગ નથી.

બાહ્ય અંતરંગ પરિગ્રહથી રહિત નિજ શુદ્ધાત્માની ભાવના એટલે અતીન્દ્રિય

આનંદના ધામ એવા શુદ્ધાત્માની ભાવના એટલે અંતરમાં એકાગ્રતા. શલ્યમાં અને રાગમાં એકાગ્રતા હતી તે છૂટીને નિ:શલ્ય દૃષ્ટિ અને સ્થિરતામાં એકાગ્રતા થઈ છે તેનાથી મહામુનિઓને જે આનંદ પ્રાપ્ત થાય છે તે રાગ વિનાનો અતીન્દ્રિય આનંદ છે એવો આનંદ રાગીઓને કયાંથી મળે! કરોડપતિ, અબજોપતિઓ મોટરમાં ફરતાં હોય અને પોતાને સુખી માનતાં હોય પણ મિથ્યાશલ્ય અને રાગસહિતનું સુખ તે સુખ જ નથી. ભગવાન આત્મા તરફના ઝુકાવમાં મહામુનિઓ રાગ વિનાના પરમાનંદ સહિત જે સુખને પામે છે તે સુખને ઇન્દ્રાદિ દેવો પામતા નથી. ઇન્દ્ર સમ્યગ્દૃષ્ટિ છે તેથી આનંદને અનુભવે છે પણ અસ્થિરતાવશ જેટલો રાગ ઇન્દ્રાણી આદિમાં જાય છે એટલું દુ:ખ જ અનુભવે છે.

જગતમાં સુખી સાધુ જ છે અન્ય કોઈ નથી. પણ સાધુ કહેવા કોને! કપડાં છોડી દીધા એટલે સાધુ થઈ ગયો? મિથ્યા અભિપ્રાય અને રાગ–દ્વેષની લાગણીના કપડાં છોડયા વગર કોઈ સાધુ થઈ શકતું નથી. મિથ્યાત્વ એટલે શુભરાગમાં આનંદ માનનારો અને અનંત પરપદાર્થના કામ કરવાના અભિપ્રાયવાળો મિથ્યાદૃષ્ટિ સ્વપદાર્થમાં આવી શકતો નથી.

'એકાંત સુખી મુનિ વીતરાગી' આત્માના આનંદની પ્રતીતિ ઉપરાંત જેને સ્થિરતાનો આનંદ આવ્યો છે એવા મુનિ જ જગતમાં સુખી છે. બાકી શેઠિયા, બાદશાહ બધાં દુ:ખી છે. બે લાખના બંગલા હોય કે બે કરોડના બંગલા હોય પણ તે બંગલાવાળા સુખી નથી. આત્માના આનંદને પહોંચી વળે તે સુખી છે. એ આનંદને પહોંચી ન વળે ત્યાં સુધી જીવને સુખી કેમ કહેવો?

પ્રથમ તો 'હું આનંદસ્વરૂપ છું' એવું ભાન અને દૃષ્ટિ ન થાય ત્યાં સુધી સ્વરૂપમાં ઠરવાની દશા તો કયાંથી આવે! આનંદમાં દૃષ્ટિ લલચાય તો એવા આનંદસ્વરૂપમાં ઠરવાનો ઉપાય કરે તેને ચારિત્રદશા આવે. આનંદસ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાન વગર રાગ-દ્વેષ અને વિકલ્પોમાં ઠરે છે તે તો વિકાર છે. તેમાં આત્માની શાંતિ મળતી નથી. આત્માની દૃષ્ટિ જ્ઞાનપૂર્વક ચારિત્રદશાને પામેલાં ભાવલિંગીમુનિ જ જગતમાં સુખી છે.

આ જ કથન અન્ય શાસ્ત્રોમાં પણ કહ્યું છે. 'दह्यमाने इत्यादि' તેનો અર્થ એવો છે કે મહામોહરૂપી અગ્નિમાં બળતાં થકા આ જગતમાં દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી બધાં દુ:ખી છે અને જેને તપ જ ધન છે તથા બધાં વિષયોનો સંબંધ જેણે છોડી દીધો છે એવા સાધુ મુનિ જ આ જગતમાં સુખી છે.

રાગ, દ્વેષ, મોહરહિત ચિદાનંદ પ્રભુની અંતરદષ્ટિ અને તેમાં સ્થિરતા જેને આવી નથી એવા બધા જીવો દુઃખમાં જ પડેલા છે. પોતાના ભગવાનસ્વરૂપનો અનાદર કરીને પુણ્ય-પાપના વિકલ્પ અને ભોગના પ્રેમમાં પડયા છે તે મહામોહરૂપી અગ્નિમાં બળી-જળી રહ્યાં છે. 'સ્વ'રૂપની અસાવધાની અને પરની સાવધાનીના ભાવમાં પડેલા બધા જીવો દુઃખી જ છે તે ભલે રાજા હો કે રંક હો, દેવ હો કે નારકી હો, રોગી હો કે નિરોગી હો...બધાં દુઃખી જ છે.

જેના અભિપ્રાયમાં ચિદાનંદ ભગવાનનો આદર નથી તેના અભિપ્રાયમાં અલ્પજ્ઞતા, રાગ-દ્વેષ અને સંયોગનો જ આદર વર્તે છે. સ્વભાવ પ્રત્યેના કષાયની અગ્નિમાં તે નિરંતર બળી રહ્યો છે. સુખ ખરેખર કયાં છે તેની ખબર નથી તેથી દુઃખના નિમિત્તોમાં જ સુખ માટે ઝાંવા નાખ્યા કરે છે. તે બધા મહાઅગ્નિથી દુઃખી છે.

જેની પાસે તપ એટલે ઇચ્છાના નિરોધરૂપ ભાવ અને આનંદ શાંતિ આદિ ભાવ પ્રગટ થયા છે તેની પાસે તપરૂપી ધન છે. માટે એવા મુનિને તપોધન કહેવાય છે. ઇચ્છાનો નિરોધ અને અનિચ્છાસ્વરૂપ અતીન્દ્રિય આનંદનું પ્રગટવું તે તપરૂપી ધન છે. આ ધનમાં અનંત આનંદની લક્ષ્મી રહેલી છે. બહારથી ભલે તે તપોધનનું શરીર કાળું હોય, કાંકરામાં બેઠા હોય બાવળના ઝાડ નીચે પણ તેની પાસે તપનું ધન છે. મોરપીંછી આદિ ઉપકરણ મુનિ પાસે હોય પણ તેનો ઉપયોગ કાંઈ કાકરાં દૂર કરવા માટે મુનિ ન કરે. જીવાંત આદિને દૂર કરવા માટે જ તેનો ઉપયોગ કરે. બહારથી જુઓ તો મુનિ આવા દેખાતા હોય પણ અંદરમાં અતીન્દ્રિય આનંદમાં મશગૂલ છે. માટે મુનિ સુખી છે. અંદરમાં આત્માની જતના કરીને મુનિ બેઠા છે અને બહારમાં જીવોની જતના મોરપીંછી આદિ વડે કરીને મુનિ બેસે છે.

આગળ કહેશે કે મુનિના મનમાં ભગવાન વસે છે. રાગ, દ્વેષ અને સંયોગ મુનિના મનમાં નથી.

શ્રોતા:—આ વાત મનમાં વસાવવી બહુ મુશ્કેલ લાગે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી:—આ અભ્યાસ નથી અને અણઅભ્યાસ ઘણો છે તેથી મુશ્કેલ લાગે છે. બાકી ઘરની ચીજને મેળવવામાં મુશ્કેલી શું હોય! બીજાની ચીજ મેળવવી હોય તો મુશ્કેલ છે, પોતાની વસ્તુની પ્રાપ્તિ પોતાને મુશ્કેલ ન હોય પણ જીવને આ અભ્યાસ નથી અને આ અભ્યાસ કરવા જેવો છે એવી કિંમત પણ આવી નથી તેથી મુશ્કેલ લાગે છે. અનાદિકાળથી બહારમાં ને બહારમાં રોકાઈ ગયો છે. જગતને રાજી કરવામાં અને જગતથી રાજી થવામાં રોકાઈ રહ્યો છે.

અતીન્દ્રિય આનંદસ્વરૂપ આત્માનું પ્રથમ તો સમ્યક્‌શ્રદ્ધાન અને જ્ઞાન થાય અને તેના અનુભવની લાલચ લાગે...એકવાર આનંદનો અનુભવ થાય એટલે એ અનુભવ જ તેને સ્થિરતામાં ખેંચે છે. વાત બહુ મોટી લાગે પણ વસ્તુ પોતે આવી જ છે. પ્રભુ! તું માન કે ન માન પણ મોટો આનંદનો કંદ તું પોતે જ છો. આવડો મોટો થઈને તું એક સામાન્ય શુભરાગથી તારી મોટપ માને છો અને મનાવે છો! મેં દયા પાળી, મેં ભક્તિ કરી, મેં પૂજા કરી એવી પ્રસિદ્ધિ કરવી છે તેને આત્માની પ્રસિદ્ધિ ક્યાંથી થાય? ભગવાન આત્માની પ્રસિદ્ધિ રાગ દ્વારા ન થાય. રાગરહિત થઈને દૃષ્ટિ કરે તો ભગવાન આત્મા પર્યાયમાં પ્રસિદ્ધ થાય. જે હું છું તેમાં જ રહેવું છે આ વાત તો સહજ શ્રદ્ધા-જ્ઞાનમાં આવી જાય તેવી છે.

સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્વના તાળા તૂટી જાય છે અને અતીન્દ્રિય આનંદના નાથના દર્શન થાય છે. ખજાના ખૂલી જાય છે તેથી જે આનંદ આવે છે તે આનંદ તેને અંદરમાં સ્થિર થવા માટે લલચાવે છે. બહારની લાલચ તેને છૂટી જાય છે. અસ્થિરતાવશ રાગ રહે છે પણ તેનો તેને પ્રેમ રહેતો નથી. ઉગ્ર સ્થિરતા દ્વારા જેણે આવા ભગવાન આત્માને પર્યાયમાં પ્રગટ કર્યો છે તે તપોધન છે.

જુઓ! મુનિને તપોધન કહીને બીજાને ભિખારી ઠરાવ્યાં. છતે પૈસે કોઈ ભિખારી કહેવાય! હા. કેમ કે પૈસા ક્યાં તારાં હતાં? તારો તો છતો પદાર્થ આત્મા છે, તેનું છતાપણું-અસ્તિત્વ સ્વીકાર તો અંદરનું આત્મધન પ્રગટ થાય—જ્ઞાન અને આનંદની લક્ષ્મી પ્રગટ થાય.

જેની પાસે તપરૂપી ધન છે તથા બધાં એટલે પાંચેય ઇન્દ્રિયના વિષયોનો સંબંધ જેણે છોડી દીધો છે એવા સાધુ મુનિ જ આ જગતમાં સુખી છે. આ ૧૧૭ ગાથા પૂરી થઈ. હવે ૧૧૮ ગાથામાં જિનવરનો દાખલો આપીને જીવને ઊંચો કરે છે.

अप्पा दंसणि जिणवरहँ जं सुहु होइ अणंतु ।
तं सुहु लहइ विराउ जिउ जाणंतउ सिउ संतु ॥११८॥

વૈરાગી મુનિ જ નિજ આત્માને જાણતાં થકાં નિર્વિકલ્પ સુખને પામે છે. પરદ્રવ્ય અને વિકલ્પથી જેને વૈરાગ્ય થયો છે અને આત્માનો આશ્રય લીધો છે તે જ સાચા સુખને પામે છે.

અર્થઃ—નિજ શુદ્ધાત્માના દર્શનમાં જે અનંત અદ્‌ભૂત સુખ મુનિ-અવસ્થામાં જિનેશ્વરદેવોને થાય છે તે સુખ વીતરાગભાવનામાં, પરિણત થયેલાં મુનિરાજ નિજ શુદ્ધાત્માને તથા રાગાદિ રહિત શાંતભાવને જાણતાં થકાં પામે છે.

અહીં તીર્થંકર ભગવાનની મુનિ અવસ્થાનું દૃષ્ટાંત આપીને વીતરાગભાવનાવાળા મુનિઓની વાત કરી છે. જેના ઘરે છ-છ ખંડના રાજ્ય હતાં, ૯૬૦૦૦ પદ્મણી જેવી સ્ત્રી હતી, વૈભવનો પાર ન હતો એવા શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ ગૃહસ્થ અવસ્થામાં હોવા છતાં તે બધાં વૈભવને પર માનતાં હતાં, પોતાનો માનતા ન હતાં પણ અસ્થિરતાવશ તેના પ્રત્યેનો વિકલ્પ હતો તેને પણ છોડીને જ્યારે તેઓ મુનિ થયા-દીક્ષા લીધી એટલે જાણે હળવા થઈ ગયાં. પર તરફની લાગણીનો ભાર હતો તે ઉતરી ગયો, આત્માના આનંદની લહેર આવવા માંડી, તેનું નામ જ દીક્ષા છે.

જુઓ ! આ મુનિપણાની વાત છે. શ્રેણી માંડે એવી ઉગ્રદશાની વાત નથી. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનની વાત છે.

આત્મા પરમાનંદની મૂર્તિ છે તેને દૃષ્ટિમાં લઈને રાગ-દ્વેષથી પાછા હટી વૈરાગ્યપૂર્વક આત્માના આનંદને ભોગવતાં મુનિરાજની દશા જોઈને લોકોને એમ લાગે કે મુનિને તો બધી સગવડતા છૂટી ગઈ, રાજ ગયા, રાણીઓ ગઈ, કપડાં, ઝવેરાત આદિ ગયા, હાથીના હોદ્દે બેસવાનું ગયું...તેને અહીં મુનિરાજ કહે છે કે ભાઈ ! તને ખબર નથી, દીક્ષાકાળમાં મુનિ જે અનંત આનંદને અનુભવે છે એવો આનંદ ઇન્દ્ર, ચક્રવર્તી આદિ પાસે ક્યાં હતો !

તીર્થંકરોને તો પુણ્ય પણ મોટા છે ને ! ચક્રવર્તીને તો ઇન્દ્રો મિત્ર હોય છે પણ તીર્થંકરને ઇન્દ્રો સેવક તરીકે હોય છે. તીર્થંકરના બાળપણમાં પણ ઇન્દ્રો પ્રભુ...પ્રભુ કરીને સેવા કરતાં હોય છે. આવી પુણ્યયુક્ત સંયોગની સ્થિતિ છે અને તેના તરફ લક્ષ છે ત્યાં સુધી દુઃખ છે. તીર્થંકરને ગૃહસ્થદશામાં વસ્ત્ર, દાગીના આદિ દેવલોકમાંથી આવે છે, અહીંના વસ્ત્રાદિ વાપરતાં નથી એવી ઊંચી પુણ્યની સ્થિતિ છે માટે તીર્થંકર સુખી હશે ?—ભાઈ ! પુણ્યની સામગ્રીથી તો તેઓ સુખી નથી પણ તેના તરફ જેટલું લક્ષ જાય છે એટલા દુઃખી છે. તેથી તો સંયોગનું લક્ષ છોડીને જ્યારે તીર્થંકર દીક્ષા લે છે ત્યારે તેને મહાન આનંદ આવે છે.

ભગવાન જન્મે ત્યારે દેવો અને ઇન્દ્રો આવે, મહોત્સવ કરી જાય પણ અને ભગવાનની સેવામાં ઇન્દ્ર દેવને મૂકીને જાય. તો શું ભગવાન આ સગવડતાથી સુખી હશે ! સુખી તો નથી પણ તે તરફ જેટલું લક્ષ જાય છે તે પણ દુઃખરૂપ લાગે છે. તીર્થંકરોને પણ સગવડતાના લક્ષમાં શાંતિ નથી તો અન્યને તેમાં શાંતિ ક્યાંથી હોય ! તીર્થંકર જેવા પુણ્ય તો બીજા કોઈને હોય જ નહિ.

તીર્થંકરને સર્વોત્કૃષ્ટ પુણ્ય હોય, ચક્રવર્તીને તેનાથી ઓછું પુણ્ય હોય, વાસુદેવને તેનાથી પણ ઓછું પુણ્ય હોય, બળદેવ ને વાસુદેવ કરતાં પુણ્ય ઓછું હોય

અને પ્રતિવાસુદેવને બળદેવ કરતાં ઓછું પુણ્ય હોય પણ બધાં મોક્ષગામી જીવો હોય છે.

તીર્થંકરે દીક્ષા લીધી એટલે તું એમ ન જો કે તેને બધાં સગવડતાના સાધન છૂટી ગયા. એમ જો કે તેઓ અનંત આનંદને વેદવા લાગ્યાં. સગવડતા ઉપર લક્ષ હતું એ તો દુઃખ હતું તેને છોડીને તીર્થંકરમુનિ અતીન્દ્રિય આનંદના ભોગવટામાં આવી ગયા છે. જેમ, તીર્થંકરમુનિ દીક્ષા કાળમાં સુખને પામે છે તેમ દરેક મુનિઓ દીક્ષાના કાળમાં અતીન્દ્રિય સુખને પ્રાપ્ત કરે છે. પેલા સગવડતા ઓછી હોય કે વધારે હોય તેની સાથે કાંઈ સંબંધ નથી. દીક્ષાકાળમાં જેવો આનંદ તીર્થંકર મુનિને હોય છે એવો જ આનંદ બધાં મુનિને હોય છે.

લાકડા વેચનારો કઠિયારો પણ જ્યાં ભાવલિંગીમુનિ થાય છે ત્યાં તીર્થંકરમુનિ જેવી જ ચારિત્રદશાને પ્રાપ્ત કરે છે. આત્માને વળગીને જેટલી લીનતા કરે છે એટલો આનંદ તેને પણ આવે છે. સંયોગોની કિંમત ઊડી જાય છે. તીર્થંકર જન્મે એટલે દેવો આવે અને મેરૂપર્વત ઉપર અભિષેક માટે તેમને લઈ જાય, ખમ્મા...ખમ્મા કરે તે બધું અવધિજ્ઞાની બાળમહાત્મા પોતાના જ્ઞાનમાં જાણે છે પણ સુખ માનતાં નથી છતાં જેટલો રાગ તે તરફ જાય છે તેટલું દુઃખ માને છે. ચારિત્રદશા જેવો આનંદ એ વખતે આવતો નથી.

શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ તીર્થંકર તો હતાં સાથે ચક્રવર્તી અને કામદેવપદના પણ ધારક હતાં. તેમને દીક્ષાકાળે જેવો આનંદ આવતો હતો એવો જ આનંદ બધાં મુનિઓને આવે છે કેમ કે મુનિદશાને બહારની પદવી સાથે કાંઈ સંબંધ નથી. કામદેવને તો શરીરનું રૂપ એટલું બધું હોય કે અઢી દ્વીપમાં કોઈ મનુષ્ય એવો ન હોય, એક એક અંગ પુણ્યથી ભરેલા હોય, તીર્થંકર અને ચક્રવર્તીપદ પણ સાથે હોય, છતાં મુનિદશામાં એ પદવી સાથે અતીન્દ્રિય આનંદને કાંઈ સંબંધ નથી. કોઈ ગરીબ માણસ પાસે કાંઈ ન હોય માત્ર શરીર હોય તેની મમતા છોડીને દીક્ષા લઈને જંગલમાં આત્માને ધ્યાવે છે અને આનંદને અનુભવે છે. બંનેના આનંદનો અનુભવ સમાન હોય છે. એકને સંયોગો ઘણાં છૂટયાં અને બીજાને થોડા સંયોગો છૂટયાં પણ અતીન્દ્રિય આનંદ બંનેને સમાન છે.

વીતરાગી દૃષ્ટિ અને વીતરાગી આનંદને બાહ્ય સંયોગોની સગવડતા કે અગવડતા સાથે કાંઈ સંબંધ નથી.

આગળ આવશે કે એક મ્યાનમાં બે તલવાર ન રહે તેમ, સ્વની રુચિ અને પરની રુચિ એમ બંને પ્રકાર સાથે નહિ રહી શકે. જેના કાળજામાં સુંદર સ્ત્રી વસે

છે તેની દૃષ્ટિમાં આત્મા નહિ વસે. જ્ઞાનનેત્રમાં સ્ત્રી દેખાતી હશે તેને ભગવાન કેમ દેખાશે! એમ એક મ્યાનમાં બે તલવાર નહિ સમાય.

અહા! યોગીન્દ્રદેવ પરમાત્મપ્રકાશ રચતાં હશે ત્યારે જ્ઞાનમાં કેવું તરવરતું હશે! પ્રભુ! દીક્ષાકાળે આપ જેવા આનંદને અનુભવતાં હતાં એવો જ આનંદ અમને આ દીક્ષાકાળમાં આવી રહ્યો છે. તમને ઋદ્ધિ વિશેષ હતી, દેવો તમારી સેવા કરતાં હતાં, ઇન્દ્રો કલ્યાણક ઉજવવા આવતાં હતાં માટે તમે મોટા એટલે દીક્ષાકાળમાં વિશેષ આનંદ આવે અને અમે નાના એટલે અમને ઓછો આનંદ આવે...એવું નથી હો. બહારના સંયોગમાં નાના-મોટા ભલે હો પણ તેની કિંમત અંદરમાં કાંઈ નથી.

ભાવાર્થ:—દીક્ષાના સમયે તીર્થંકરદેવ નિજશુદ્ધાત્માને અનુભવતા થકાં જે નિર્વિકલ્પ સુખને પામે છે તે જ સુખ રાગાદિ રહિત નિર્વિકલ્પ સમાધિમાં લીન વિરક્ત મુનિ પામે છે.

તીર્થંકરના શરીરમાં એક હજાર ને આઠ તો શુભલક્ષણ હોય છે અને શરીરની સુંદરતા તો એવી હોય છે કે ઇન્દ્ર જેવો ઇન્દ્ર પણ એક હજાર નેત્ર કરીને એ રૂપને નિહાળે છે. એવા શરીરની મમતા છોડે છે માટે તીર્થંકર મુનિને વધારે આનંદ હશે! અને કાળા કૂબડા શરીરની મમતા છોડવાવાળાને ઓછો આનંદ હશે ને! એમ કોઈને પ્રશ્ન ઊઠતો હોય તો કહે છે કે ના. એમ નથી. પરની મમતા છોડીને સ્વ અનુભવમાં આવનારા દરેકને સરખો જ આનંદ આવે છે. તેથી અહીં મુનિરાજ કહે છે પ્રભુ! તમારે પણ પર તરફના જેટલા વિકલ્પો હતાં તેને છોડયા ત્યારે અતીન્દ્રિય આનંદ આવ્યો હતો તેમ અમે પણ પર તરફની મમતા અને વિકલ્પો છોડીને તમારાં દીક્ષાકાળ જેવા જ આનંદને અમે પામ્યા છીએ. માટે અમે તમારી જાતના જ છીએ માટે અમે તો તમારી નાતમાં બેઠા છીએ.

ભગવાન! આપને દીક્ષા પહેલાં ત્રણ જ્ઞાન હતાં અને દીક્ષા લીધા પછી ચોથું મનઃપર્યયજ્ઞાન પણ પામ્યા અને અમને તો દીક્ષા પહેલાં અને પછી મતિ અને શ્રુત બે જ્ઞાન જ છે માટે અમને આનંદ ઓછો આવતો હશે એમ માનશો નહિ. તમને દીક્ષાકાળમાં જેવો અને જેટલો આનંદ હતો એવો અને એટલો જ અમને આ મુનિદશામાં આનંદ આવી રહ્યો છે. અમે આનંદમાં જરાય ઓછા ઉતરતાં નથી.

આમ, મુનિરાજ ભગવાનના મુનિપણા સાથે પોતાના અને દરેક મુનિઓના મુનિપણાને સરખાવે છે. રાગાદિ રહિત નિર્વિકલ્પ શાંતિ બંનેમાં સમાન છે. બંને મોક્ષના માર્ગમાં પડેલા છે. મુનિઓ જેવા આનંદને અનુભવે છે એવો ઉગ્ર આનંદ સમ્યગ્દૃષ્ટિને ન હોય અને મિથ્યાદૃષ્ટિને તો એવો આનંદ જરાય હોય જ નહિ માટે આત્માની દૃષ્ટિ કરીને આત્માને અનુભવવાનો પ્રયત્ન દરેકે કરવો—એ માટે આ વાત કરી છે. [ ક્રમશઃ ]

બતાવી દીધાં છે. 'પ્રવાહક્રમ' કહેતાં બધાય પરિણામોનો ક્રમ વ્યવસ્થિત જ છે કોઈ પણ પરિણામ—કોઈ પણ પર્યાય આડા અવળા થતા જ નથી. આ પ્રતીતમાં જ દ્રવ્યદૃષ્ટિ અને વીતરાગતા છે.

સમય સમયના પરિણામનો એકદમ સૂક્ષ્મ સિદ્ધાંત સમજાવવા માટે પ્રદેશોનો દાખલો આપ્યો છે તે પણ સૂક્ષ્મ પડે એવો છે. અંદર પોતાના લક્ષમાં જો વસ્તુનો ખ્યાલ આવે તો સમજાય તેવું છે. આ સ્વરૂપ 'આ રીતે કહેવા માગે છે' એમ પોતાને અંદર ભાસ થવો જોઈએ. જુઓ, સમજવા માટે સીડીનું દૃષ્ટાંત લઈએ:

જેમ ક્ષેત્રથી જોતાં આખી સીડી એમ ને એમ પડી છે, તેનો એક નાનો અંશ તે પ્રદેશ કહેવાય; તેમ જ સીડીની લંબાઈથી જોતાં એક પછી એક પગથિયાંનો પ્રવાહ છે, આખો સીડીનો પ્રવાહ એક છે, અને તેનું એકેક પગથિયું તે તેના પ્રવાહનો અંશ છે. તે પગથિયાના પ્રવાહનો ક્રમ તૂટે નહિ. બે પગથિયાં વચ્ચે પણ ઝીણા ઝીણા ભાગ પાડો તો અનેક ભાગ પડે છે, તે ચડતો ચડતો એકેક સૂક્ષ્મ ભાગ તે પરિણામ સમજવો. તેમ આત્મા અસંખ્ય પ્રદેશોમાં પથરાયેલો એક છે, ને તેના ક્ષેત્રનો એકેક અંશ તે પ્રદેશ છે; તેમ જ આખા દ્રવ્યની હયાતી અનાદિ અનંત પ્રવાહપણે એક છે ને તે પ્રવાહનો એકેક સમયનો અંશ તે પરિણામ છે. તે પરિણામોનો પ્રવાહક્રમ સીડીના પગથિયાંની જેમ ક્રમબદ્ધ છે, તે પરિણામોનો ક્રમ આઘો પાછો ન થાય. એટલે બધુંય જેમ છે તેમ જાણવાનો જ આત્માનો સ્વભાવ છે. એ સિવાય વચ્ચે બીજું કાંઈ માને તો તેને વસ્તુના સત્ સ્વભાવની શ્રદ્ધા નથી. અને વસ્તુ જેમ હોય તેમ જાણે માને તો જ્ઞાન-શ્રદ્ધા સાચાં થાય ને! વસ્તુ હોય તેના કરતાં બીજી રીતે માને તો જ્ઞાન-શ્રદ્ધા સાચાં થાય નહિ એટલે ધર્મ થાય નહિ.

અહીં ક્ષેત્રના દૃષ્ટાંતે પરિણામનું સ્વરૂપ સમજાવ્યું છે. જેમ દ્રવ્યનું ક્ષેત્ર તે વિસ્તાર ને વિસ્તારક્રમના અંશો તે પ્રદેશો તેમ દ્રવ્યનું પરિણમન તે પ્રવાહ ને પ્રવાહક્રમના અંશો તે પરિણામો.

એ પ્રમાણે ક્ષેત્રના દૃષ્ટાંતે પરિણામો સિદ્ધ કરીને એક વાત પૂરી કરી. હવે તે પરિણામોનો એકબીજામાં અભાવ બતાવે છે "જેમ વિસ્તારક્રમનું કારણ પ્રદેશોનો પરસ્પર વ્યતિરેક છે, તેમ પ્રવાહક્રમનું કારણ પરિણામોનો પરસ્પર વ્યતિરેક છે."

દ્રવ્યમાં વિસ્તારક્રમ એટલે કે ક્ષેત્ર અપેક્ષાએ પહોળાઈનું કારણ પ્રદેશોનું પરસ્પર જુદાપણું છે. પહેલાં પ્રદેશનો બીજામાં અભાવ, બીજાનો ત્રીજામાં અભાવ એમ પ્રદેશોના ભિન્ન ભિન્નપણા વડે વિસ્તારક્રમ રચાયેલો છે. જો પ્રદેશોનો એક બીજામાં અભાવ ન હોય, ને એક પ્રદેશ તે બીજા પ્રદેશમાં પણ ભાવપણે વર્તતો

હોય એટલે કે બધા થઈને એક જ પ્રદેશ હોય તો દ્રવ્યનો વિસ્તાર જ ન થાય અને દ્રવ્ય એક જ પ્રદેશી થઈ જાય, માટે વિસ્તારક્રમ કહેતાં જ પ્રદેશો એકબીજાપણે નથી એમ આવી જાય છે. 'વિસ્તારક્રમ' તે અનેકતા સૂચવે છે, કેમકે એકમાં ક્રમ ન હોય. હવે અનેકતા ક્યારે નકકી થાય? કે બધામાં એકતા ન હોય પણ ભિન્નતા હોય, તો જ અનેકતા નકકી થાય, ને અનેકતા હોય તો જ વિસ્તારક્રમ હોય; માટે વિસ્તારક્રમનું કારણ પ્રદેશોનો પરસ્પર વ્યતિરેક છે.

એ જ પ્રમાણે વિસ્તારક્રમની જેમ પ્રવાહક્રમનું સ્વરૂપ હવે કહેવાય છે. 'પ્રવાહક્રમ' કહેતાં જ પરિણામોની અનેકતા સાબિત થાય છે, અને પરિણામોની અનેકતા કહેતાં જ એકનો બીજામાં અભાવ સાબિત થાય છે. કેમકે જો એકનો બીજામાં અભાવ હોય તો જ અનેકપણું થાય. જો તેમ ન હોય તો તો બધું એક જ થઈ જાય. માટે વિસ્તારક્રમમાં જેમ એક પ્રદેશનો બીજામાં અભાવ છે તેમ પ્રવાહક્રમમાં એક પરિણામનો બીજામાં અભાવ છે. અને એ પ્રમાણે પરિણામોમાં એકનો બીજામાં અભાવથી અનાદિ અનંત પ્રવાહક્રમ રચાયેલો છે. આવો દ્રવ્યનો સ્વભાવ છે. આવા પરિણામસ્વભાવમાં દ્રવ્ય રહેલું છે.

અહીં વિસ્તારક્રમ તો દૃષ્ટાંતરૂપ છે ને પ્રવાહક્રમ સિદ્ધાંતરૂપ છે. દૃષ્ટાંત સર્વ પ્રકારે લાગુ ન પડે. પુદ્ગલ અને કાળદ્રવ્યનો તો વિસ્તાર એક પ્રદેશી જ છે. તેથી તેમાં પ્રદેશોના પરસ્પર વ્યતિરેકનું દૃષ્ટાંત લાગુ ન પડે, પણ પ્રવાહક્રમનો જે સિદ્ધાંત છે તે તો બધાંય દ્રવ્યોમાં એક સરખી રીતે લાગુ પડે છે.

જેમ ૨૫ ઓરડાના વિસ્તારવાળી ઓસરી ક્યારે થાય? કે જો તે ઓરડાઓ ક્રમસર એક બીજાથી જુદા જુદા હોય તો. તેમ આત્મામાં અસંખ્યપ્રદેશી વિસ્તારવાળું ક્ષેત્ર ક્યારે થાય? કે જો એક પ્રદેશનો બીજામાં અભાવ હોય ને તે બધા પ્રદેશો વિસ્તારક્રમમાં સળંગપણે એક બીજા સાથે સંકળાયેલા હોય.

એ જ પ્રમાણે દ્રવ્યનો અનાદિ અનંત લાંબો પ્રવાહક્રમ ક્યારે થાય? કે જો એક પરિણામનો બીજા પરિણામમાં અભાવ હોય તો. પહેલો પરિણામ બીજા પરિણામમાં નથી, બીજો ત્રીજામાં નથી-એમ પરિણામોમાં વ્યતિરેક હોવાથી દ્રવ્યમાં પ્રવાહક્રમ છે. દ્રવ્યના અનાદિ અનંત પ્રવાહમાં એક પછી એક પરિણામ ક્રમે થયા કરે છે; આવાં દ્રવ્યો તે જ્ઞેયો છે. જ્ઞેયદ્રવ્યની જેમ છે તેમ પ્રતીત કરતાં શ્રદ્ધામાં નિર્વિકલ્પતા અને વીતરાગતા થાય તે મોક્ષનો માર્ગ છે,

અહો! એક જ દ્રવ્યના એક પરિણામમાં બીજા પરિણામનો પણ જ્યાં અભાવ

છે ત્યાં એક દ્રવ્યની અવસ્થામાં બીજું દ્રવ્ય કાંઈ કરે એ વાત તો ક્યાં ઊભી જ રહે છે? એક તત્ત્વ બીજા તત્ત્વમાં કાંઈ કરે અથવા તો એક દ્રવ્યના ક્રમપરિણામોમાં ફેરફાર કરી શકાય-એમ જે માને છે તેને જ્ઞેયતત્ત્વની ખબર નથી તેમ જ જ્ઞેયોને જાણનારા પોતાના જ્ઞાનતત્ત્વની પણ ખબર નથી.

કોઈ એમ માને કે 'મેં મારી બુદ્ધિથી પૈસા મેળવ્યા.' તો તેમ નથી. કેમકે બુદ્ધિના જે પરિણામ થયા તે આત્માના પ્રવાહક્રમમાં આવેલો પરિણામ છે ને પૈસા આવ્યા તે પુદ્ગલના પ્રવાહક્રમમાં આવેલો પુદ્ગલનો પરિણામ છે. બન્ને દ્રવ્યો પોતપોતાના પ્રવાહક્રમમાં ભિન્નભિન્નપણે વર્તી રહ્યાં છે. આત્મા પોતાના પરિણામ પ્રવાહમાં રહેલો છે, ને જડપદાર્થો જડના પરિણામપ્રવાહમાં રહેલાં છે. બન્ને પદાર્થોનું ભિન્ન ભિન્ન અસ્તિત્વ છે. જેણે પદાર્થોનું આવું સ્વરૂપ જાણ્યું તેને 'હું પરમાં કાંઈ ફેરફાર કરું કે પરના કારણે મારામાં કાંઈ ફેરફાર થાય'-એવી મિથ્યાબુદ્ધિ તો ટળી ગઈ, એટલે તે બધાં દ્રવ્યોનો જ્ઞાતા રહી ગયો. કેવળી ભગવાન વીતરાગપણે બધાના જ્ઞાતા છે તેમ આ પણ જ્ઞાતા જ છે, હજી સાધક છે તેથી અસ્થિરતાના રાગદ્વેષ થાય છે પરંતુ તે પણ જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞાન અને રાગની એકતાપૂર્વક રાગદ્વેષ થતા નથી પણ જ્ઞાનના જ્ઞેયપણે રાગદ્વેષ થાય છે. એટલે અભિપ્રાયથી (શ્રદ્ધાથી) તો તે સાધક પણ પૂરો જ્ઞાતા જ છે.

યથાર્થ વસ્તુસ્વરૂપ જાણતાં પોતે છએ દ્રવ્યોનો જ્ઞાતા થઈ ગયો ને છએ દ્રવ્યો જ્ઞાનનાં જ્ઞેય થયાં. આ તરફ પોતે એક જ્ઞાતા, અને સામે છએ દ્રવ્યો જ્ઞેય, એમ જ્ઞાતાપણું બતાવવા 'સ્વાત્માનુભવમનન'માં કહ્યું છે કે आतमा सप्तम द्रव्य हो जाता है.

અહો! જ્ઞાન જ્ઞાતા તરીકે છે, તે જ્ઞાનની પ્રતીત તે નિર્વિકલ્પ સમ્યક્ત્વનું કારણ છે. સમયે સમયે ઉત્પાદવ્યયધ્રુવરૂપ આવા દ્રવ્યસ્વભાવને નક્કી કરે તો જ્ઞાન જાણવાનું જ કામ કરે; ને જ્ઞેયમાં 'આમ કેમ' એવો મિથ્યાબુદ્ધિનો વિકલ્પ ન આવે. અસ્થિરતાના વિકલ્પ આવે તે તો જ્ઞાનનું જ્ઞેય થઈ જાય છે, કેમકે જ્ઞાનમાં સ્વપર પ્રકાશક સામર્થ્ય પ્રગટી ગયું એટલે તે રાગને પણ જ્ઞાનથી ભિન્ન જ્ઞેય તરીકે જાણે છે. એટલે તે વિકલ્પમાં 'આવો વિકલ્પ કેમ?' એવું વિકલ્પનું જોર આવતું નથી, પરંતુ 'આ રાગ પણ જ્ઞેયપણે સત્ છે' એમ જ્ઞાન જાણી લ્યે છે એટલે જ્ઞાનની જ અધિકતા રહે છે,—બીજી રીતે કહીએ તો જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન થઈ જાય છે. અને પછી પણ એવા જ્ઞાનસ્વભાવના આધારે જ્ઞેયોને જાણતાં તે જ્ઞાનનો વિકાસ થઈને તેની

સૂક્ષ્મતા અને વીતરાગતા વધતી જાય છે, ને ક્રમે ક્રમે પૂર્ણ વીતરાગતા અને કેવળજ્ઞાન થતાં આખો લોકાલોક જ્ઞેયપણે એક સાથે જ્ઞાનમાં ડૂબી જાય છે.

અહીં આત્મામાં કેવળજ્ઞાનનું આખું દળ ને સામે લોકાલોક જ્ઞેયનું દળ. બસ, જ્ઞેયજ્ઞાયકસ્વભાવ રહી ગયો. જ્ઞેયજ્ઞાયકપણામાં રાગ-દ્વેષ કરવાનું કે ફેરફાર કરવાનું ક્યાં રહ્યું? અહો! આવા સ્વભાવની હા તો પાડ! એની હા માં વીતરાગી શ્રદ્ધા છે ને તેમાં જ વીતરાગતા અને કેવળજ્ઞાનનાં બીજડાં છે. ✻ [ક્રમશઃ]

## અમેરીકામાં ઉજવાયેલ પૂજ્ય ગુરુદેવશ્રીની
## ✻ ૧૦૮ મી મંગલ જન્મજયંતી ✻

જૈન સોસાયટી ઓફ મેટ્રોપોલીટન શિકાગો (અમેરીકા)ના જૈન સેન્ટરમાં મુમુક્ષુઓ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૮ મી જન્મજયંતી અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવાઈ હતી. આ પ્રસંગે દિગમ્બર જિનબિંબોનો અભિષેક, પૂજ્ય ગુરુદેવશ્રીના ચિત્રપટ સમક્ષ ગુરુમહાન ઉપકાર મહિમાની ભક્તિ, પૂજ્ય બહેનશ્રીનાં ગુરુ-મહિમાનાં વચનામૃતનું વાંચન, પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત તથા પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત પુસ્તકની પ્રભાવના તથા બીપીનભાઈ અને ભારતીબેન ભાયાણી તરફથી સ્વામીવાત્સલ્ય ભોજન—ઇત્યાદિ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

—જ્યોતીન્દ્ર ન્યાલચંદ દોશી, શીકાગો

## મુંબઈના ઉપનગર બોરીવલીમાં નૂતન જિનમંદિરની
## ✻ શિલાન્યાસવિધિ સાનંદ સમ્પન્ન ✻

✻ અસીમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમ જ તેમના ભક્તરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકારી સુપ્રતાપે, બોરીવલી દિ. જૈન મુમુક્ષુમંડળના પ્રમુખ શ્રી નવીનચંદ્ર પોપટલાલ શાહ તરફથી નિર્માણાધીન શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિરની મંગલ શિલાન્યાસવિધિ તા. ૧૮-૫-૯૭ ને રવિવારના શુભ દિને, બૃહદ્ મુંબઈના લગભગ ૨૫૦૦ મુમુક્ષુઓની આનંદોલ્લાસભીની ઉપસ્થિતિમાં અત્યંત હર્ષોલ્લાસપૂર્વક સંપન્ન થઈ હતી પ્રમુખ શ્રી નવીનચંદ્ર પોપટલાલ શાહના માતુશ્રી કસ્તુરીબેનને તેમ જ શ્રી પોપટભાઈના સમગ્ર પરિવારને તેમ જ બોરીવલી મંડળના સર્વે સભ્યોને આ શિલાન્યાસ પ્રસંગે એટલો ઉત્સાહ ને ઉમંગ હતો કે જાણે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની મંગલ ઉપસ્થિતિમાં આ પ્રસંગ ઉજવાઈ રહ્યો હોય. આપણા આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈના મંગલ આશીર્વાદથી સમ્પન્ન આ પ્રસંગે, આમંત્રણ પત્રિકાની લેખનવિધિ વખતે જાહેર થયેલ દાનરાશિ સહિત આ પ્રસંગે જાહેર થયેલ દાનરાશિ કુલ સવા અગિયાર લાખની થઈ હતી. પ્રમુખ શ્રી નવીનભાઈ ને આ જિનમંદિર શીઘ્ર બનાવીને મુમુક્ષુમંડળને સમર્પિત કરવાનો ઘણો જ ઉલ્લાસ છે. ✻

[ તા. ૧૦-૬-૯૭ ]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

વિશિષ્ટ-ઉપકારી પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન જેઓશ્રીના ઉપકાર-બહુમાનના ગુણગાન કરતાં અનેકવિધ વિશિષ્ટતાઓનું વર્ણન કરતાં કરતાં વારંવાર કહેતાં કે "પૂજ્ય ગુરુદેવશ્રીને શ્રુતની લબ્ધિ છે," "શાસ્ત્રના ગહન ભાવો ખોલવાની ગજબ શક્તિ છે" વિગેરે વિગેરે...તે પરમ-પરમ-ઉપકારી ભવોદધિતારણહાર કલ્યાણસ્વરૂપ કરુણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીનો ૧૦૮ મો જન્મજયંતી-મંગલ-મહોત્સવ તા. ૧.૫.૯૭ થી તા. ૮.૫.૯૭ સુધી, નાઈરોબી નિવાસ શ્રીમતી રળીયાતબેન રાયચંદભાઈ દેવનભાઈ શાહના ગુરુભક્તિપૂર્ણ સૌજન્યથી ૨૫૦૦ થી વધુ મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં આનંદોલ્લાસ પૂર્વક સુવર્ણપુરીમાં ઉજવાયો હતો.

આ મંગલ જન્મોત્સવમાં પ્રતિદિન ક્રમશઃ પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવ-રસભીની ઓડિયો તત્ત્વચર્ચા, જિનેન્દ્ર-દર્શન-પૂજા, ધાર્મિક શિક્ષણવર્ગ, સુશોભિત મનોહર મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી પ્રવચનસાર ગાથા ૫૦-૫૧, ૮૦, ૧૬૦, ૨૦૦ ઉપર ટેપપ્રવચન, આદરણીય પંડિતજી સાથે સમૂહગુરુભક્તિ, પરમાગમ મંદિરમાં ષોડશકારણભાવનામંડલવિધાનપૂજા, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા 'ગુરુદેવશ્રીનાં વચનામૃત' ઉપર શાસ્ત્રપ્રવચન, પરમાગમ મંદિરમાં જિનેન્દ્રભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, સાંજે ભજનમંડળી દ્વારા સ્વાધ્યાયમંદિરમાં ગુરુભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીના 'નાટક સમયસાર' ઉપર ટેપ-પ્રવચન, તીર્થયાત્રાની વિડિયો દ્વારા ગુરુદર્શન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા અને બે દિવસ અનુક્રમે બોટાદ તથા જામનગરના મુમુક્ષુ-બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ—એ રીતે નિયમિત ધાર્મિક કાર્યક્રમ ચાલતો હતો. તેમ જ એક દિવસ સ્વાધ્યાયમંદિરમાં નાઈરોબી નિવાસી શ્રીમતી રળીયાતબેન રાયચંદભાઈ તરફથી બહેનો માટે સાંજી રાખવામાં આવી હતી.

મંગલ ગુરુજન્મોત્સવના આનંદોપલક્ષમાં તા. ૭-૫-૯૭ના રોજ બપોરે ધાતકી વિદેહના ભાવિ-તીર્થંકરદેવના ભવ્ય રથોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વર્ણ-રજતનિર્મિત ત્રિપીઠિકાયુક્ત મનોહર ગંધકૂટી પર સછત્ર સિંહાસન બિરાજમાન આપણા ભાવિ ભગવાનનો 'સમવસરણ વિહાર' બધા ભક્તોને અત્યંત આનંદદાયી અનુભૂત થતો હતો. રથના સારથી બનવાનું સૌભાગ્ય શ્રી મનહરલાલ ધીરજલાલ શાહ-પરિવાર સૂરતને પ્રાપ્ત થયેલ. આ ભવ્ય રથોત્સવમાં વિવિધ ભવ્ય શણગાર સહિત કહાન-કુંવરના પારણા ઝૂલનનો એક મનોહર ફ્લોટ—કે જેની બોલી શ્રીમતી રળીયાતબેન રાયચંદભાઈ

નાઈરોબીએ ગુરુભક્તિના અત્યંત આનંદોલ્લાસ સહિત લીધી હતી. તે ફ્લોટ બધાનું ગુરુમહિમાયુક્તચિત્ત પોતાના તરફ કેન્દ્રિત કરતું હતું. આ ભવ્ય રથયાત્રાના દર્શન માટે સોનગઢની જનતા પણ જગ્યાએ જગ્યાએ એકત્રિત થઈ હતી ઘાટકોપર, વઢવાણ તથા મલાડ—ત્રણેય ભજનમંડળીએ રથોત્સવમાં ગુરુભક્તિનું આનંદમય વાતાવરણ બનાવી દીધું હતું.

ગુરુજન્મોત્સવના આ મંગળ અવસરે સર્વશ્રી ડો. પ્રવિણભાઈ દોશી ( રાજકોટ ), સુરેશભાઈ સંઘવી ( મુંબઈ ), બ્ર. વ્રજલાલભાઈ શાહ, હિંમતભાઈ ડગલી ( વિંછીયા ), સુભાષભાઈ શેઠ અને બ્ર. ચંદુભાઈએ ગુરુભક્તિભીના હૃદયે સુંદર શાસ્ત્રપ્રવચન કર્યા હતા.

ગુરુજન્મજયંતીના મંગલ દિવસે અતિ ભવ્ય સુશોભનથી વિભૂષિત પ્રવચન-મંચ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના વિશાળ મનોહર સ્ટેચ્યુ સમક્ષ ક્રમશઃ સવારે દર્શન તેમ જ સદ્ગુરુસ્તુતિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીનું વિડિયો દ્વારા માંગલિક, સોલહકારણભાવનામંડલવિધાનપૂજાનું સમાપન, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન અને ત્યારબાદ—

આદરણીય પંડિતજી દ્વારા સમસ્ત મુમુક્ષુસમાજ વતી કૃપાસાગર પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ ઉપકૃતભાવથી ગુણાનુવાદરૂપ અભિવાદન, રજતનિર્મિત ગુરુચિત્રપટ સહિત પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યૂ સમક્ષ ગુરુ-જન્મવધાઈ; બપોરે શાસ્ત્રપ્રવચન, ગુરુભક્તિ, શિક્ષણવર્ગ, સાંજે જિનેન્દ્ર-આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા અને તીર્થયાત્રાની વિડિયો—એ રીતે વૈશાખ સુદ બીજનો ઉત્સાહપૂર્ણ કાર્યક્રમ રહ્યો હતો.

આ માંગલિક મહોત્સવ નિમિત્તે ૫૦ મહાનુભાવો તરફથી કાયમી મંડલવિધાનપૂજા તથા ૫ મહાનુભાવો તરફથી પ્રાસંગિક મંડલ વિધાન પૂજા રાખવામાં આવી હતી.

મંગલ ગુરુજન્મોત્સવના અવસર પર પાંચ દિવસ સમાગત મહેમાનોને માટે બંને ટાઈમનું તેમ જ સ્થાનિક મુમુક્ષુસમાજ માટે સવારનું જમણ શ્રીમતી રળીયાતબેન રાયચંદભાઈ નાઇરોબી તરફથી રાખવામાં આવ્યું હતું. તદુપરાંત પાંચ મહાનુભાવોએ પાંચ દિવસ 'સ્વામીવાત્સલ્ય' ભોજન આપ્યું હતું.

ઓડિયો કેસેટમાં ૨૫% ડિસ્કાઉન્ટ રાખવામાં આવ્યુ હતું

* ગુરુ-જન્મોત્સવના આ મંગલ અવસર પર સંસ્થાને જુદા જુદા ખાતાઓમાં કુલ રૂા. ૬,૩૮,૪૦૨=૫૫ની દાનરાશિ પ્રાપ્ત થઈ હતી—

* પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની સાતમી સાંવત્સરિક સમાધિતિથિ તા. ૨૧-૫-૯૭ થી તા. ૨૫-૫-૯૭ ( વૈશાખ વદ-૩ )—પાંચ દિવસ ધાર્મિક કાર્યક્રમના રૂપમાં, તેઓશ્રીના જ્ઞાન-વૈરાગ્ય-સ્વરૂપસાધના તેમ જ ઉપકારોના

સ્મરણપૂર્વક વિરહવેદનાના ઉદાસીન વાતાવરણમાં સાદગીથી સંપન્ન થઈ. બહારગામના મુમુક્ષુમહેમાનોની ઉપસ્થિતિના કારણે આ પ્રસંગે આયોજિત શ્રી પંચપરમેષ્ઠિમંડલવિધાન પૂજાના સમયે શ્રી સીમંધરસ્વામી જિનમંદિર પૂરું ભરાઈ જતું હતું. સવાર-સાંજ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન ઉપરાંત બપોરે પાંચે દિવસ 'બહેનશ્રીની સાધના અને વાણી' ગ્રંથ ઉપર શાસ્ત્રવાંચન થયા હતા. તે વખતે બહેનશ્રી દ્વારા લઘુવયમાં કરવામાં આવેલી સાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તેમ જ ભવાબ્ધિતારિણી 'અનુભવીની અમૃતવાણી' વગેરે સાંભળતાં, તેમ જ ઉપકાર-સ્મરણથી ભક્તોના હૃદય વિરહવેદનાથી દ્રવિત થઈ જતા હતા. સમાધિતિથિ ( વૈશાખ વદ-૬ )ના રોજ શ્રી પંચપરમેષ્ઠિમંડલ-વિધાનપૂજાના સમાપન બાદ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને સમૂહદર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તે સમયે પણ તેઓની ઉપકારસ્મૃતિ તીવ્રતાથી જાગી ઉઠતા અનેકના હૃદય દ્રવિત અને નેત્ર અશ્રુભીના થઈ ગયા હતા.

* ગ્રીષ્મકાલીન ધાર્મિક શિક્ષણવર્ગ:—તા. ૧-૫-૯૭ થી તા. ૨૫-૫-૯૭ પચ્ચીસ દિવસ ધાર્મિક શિક્ષણવર્ગ સારી રીતે ચાલ્યો. ઉત્તમ વર્ગમાં પ્રવચનસાર ગાથા ૯૮, ૧૦૬, ૧૦૭ તથા મોક્ષમાર્ગપ્રકાશક સાતમા અધિકારના નિશ્ચયાભાસના વિષય પર, અને મધ્યમ વર્ગમાં પ્રશ્નોત્તરમાલા તેમ જ મોક્ષમાર્ગપ્રકાશક પર શિક્ષણ આપવામાં આવ્યું હતું. બન્ને વર્ગમાં શિક્ષણાર્થીઓની સંખ્યા સારી રહી હતી.

* વૈશાખ વદ ૬, મંગળવાર, તા. ૨૭-૫-૯૭ના રોજ શ્રી સમવસરણની ૫૬મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ નિમિત્તે પૂજાભક્તિનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

* વૈશાખ વદ ૮, ગુરુવાર, તા. ૨૯-૫-૯૭ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રીના સાધના-સ્થળ શ્રી સ્વાધ્યાયમંદિરના ઉદ્ઘાટન તેમ જ તેમાં પૂજ્ય બહેનશ્રીના કરકમળ દ્વારા થયેલી પરમાગમ શ્રી સમયસારજીની મંગલ પ્રતિષ્ઠાનો ૬૦મો વાર્ષિકદિન પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઉપવવામાં આવ્યો હતો.

* જેઠ સુદ ૫, મંગળવાર, તા. ૧૦-૬-૯૭ના રોજ શ્રુતપંચમી-પર્વ શ્રી ષટ્ખંડાગમ જિનવાણીની પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

* આ અંકથી આપનું આત્મધર્મ-વાર્ષિક લવાજમ પૂરું થાય છે. આગામી જુલાઈ-૯૭ થી જૂન-૯૮ના વર્ષનું વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ તુરત મોકલી આપવું. વાર્ષિક લવાજમને બદલે રૂા. ૧૦૧=૦૦ મોકલી આજીવન સભ્ય બની સંસ્થાને વ્યવસ્થામાં સહકાર આપશો.

## વૈરાગ્ય સમાચાર :—

* નાઈરોબીનિવાસી શ્રી કરમશી ગોવિંદજી શાહ ( વર્ષ-૬૮ ) તા. ૧૫-૧૦-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. નાઈરોબીની ધાર્મિક પ્રવૃત્તિમાં તેઓ સક્રિયપણે ભાગ લેતા હતા.

* અમદાવાદનિવાસી રસીકલાલ ભીમજીભાઈ ડેલીવાળા બરવાળાવાળા તા. ૧૬-૧૦-૯૬ના રોજ હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામ્યા છે.

* વડોદરાનિવાસી, શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળના ઉપપ્રમુખ શ્રી રજનીકાંત શાહના પુત્ર શ્રી સમીરભાઈ ( વર્ષ-૨૩ ) કાર-અકસ્માતથી તા. ૨૬-૧૧-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણનિવાસી ( હાલ-મુંબઈ ) શ્રી કેશવલાલ ખીમચંદ શાહ ( વર્ષ-૭૬ ) તા. ૨૬-૧૧-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના ઘણા જૂના અનુયાયી હતી.

* અમદાવાદનિવાસી શ્રી કલ્યાણભાઈ ભોગીલાલ શાહ તા. ૨૪-૧-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જાવતનિવાસી ( હાલ-બોરીવલી ) શ્રી બાબુલાલજી જગન્નાથજી જૈન ( વર્ષ-૬૯ ) તા. ૬-૨-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ બોરીવલી દિ. જૈન મુમુક્ષુમંડળના પ્રમુખ હતા.

* સમઢીયાળાનિવાસી ( હાલ-ભાયંદર ) શ્રી સ્નેહલત્તા ભૂપતરાય ભાયાણી ( વર્ષ-૬૦ ) તા. ૧૦-૩-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ચુડાનિવાસી ( હાલ-વાલકેશ્વર ) શ્રી ચીમનલાલ મોહનલાલ ગોસલીયા ( વર્ષ-૭૬ ) તા. ૨૦-૩-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમરેલીનિવાસી ( હાલ-બોરીવલી ) શ્રી રમણીકલાલ માણેકચંદ કામદાર (—તે બ્ર. શ્રી કાંતાબેનના ભાઈ) ( વર્ષ-૭૧ ) તા. ૨૮-૩-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

* પાલેજનિવાસી સ્વ. શ્રી મનસુખલાલ કુંવરજી જાદવજી શાહના ધર્મપત્ની શ્રી શારદાબેન ( વર્ષ-૭૮ ) તા. ૪-૪-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. બહુ ટૂંકા સમયગાળામાં એક જ ઘરમાંથી શ્રી મનસુખભાઈ, તેમના પત્ની શારદાબેન; પુત્રવધૂ તથા યુવાન પૌત્ર સ્વર્ગવાસ પામ્યા છે.

* મુંબઈ ( સાયન )નિવાસી શ્રી અરવિંદભાઈ છબીલદાસ શાહ ( વર્ષ-૬૩ ) તા. ૧૮-૪-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણા વર્ષોથી દાદર મંદિરની ધાર્મિક પ્રવૃત્તિમાં નિયમિતપણે લાભ લેતા હતા.

* મુંબઈનિવાસી શ્રી વલ્લભબેન મૂળચંદભાઈ તલાટી તા. ૨૮-૫-૯૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનો ઘણો જ લાભ લીધો હતો.

* સોનગઢનિવાસી ( હાલ-ભાવનગર ) શ્રી વાસુદેવભાઈ હીરાચંદ દામાણી ( વર્ષ-૭૩ ) તા. ૨૬-૫-૯૭ના રોજ જિનેન્દ્ર-પૂજા કરવા જવાની તૈયારી કરતા હતા ત્યાં એક મિનિટમાં હાર્ટ ફેઈલ થઈ જતાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો સુધી પૂજ્ય ગુરુદેવશ્રીના સાન્નિધ્યમાં રહીને ઘણો તત્ત્વભ્યાસ કર્યો હતો. શ્રી પરમાગમમંદિર, શ્રી નંદીશ્વર જિનાલય, પૂજ્ય ગુરુદેવશ્રીનું સમાધિ મંદિર તથા ઘણા મંદિરોના આરસ તેમ જ જિનબિંબો વિગેરે માટે મકરાણા આદિ રહીને ઘણી સેવા આપી હતી. તેઓએ છેલ્લા ઘણા વર્ષોથી નિવૃત્તિ પૂર્વક આખો દિવસ સ્વાધ્યાય-ભક્તિ-પૂજામાં જીવન વીતાવ્યું હતું. સ્વભાવે સરળ અને ઉદાર હોવા ઉપરાંત છેલ્લા કેટલાય વર્ષોથી તત્ત્વરુચિ ઘણી વધી ગઈ હતી.

* ધ્રાંગધ્રાનિવાસી ( હાલ વાલકેશ્વર ) શ્રી કાંતિલાલ ન્યાલચંદ કોઠારી ( વર્ષ-૬૭ ) તા ૯-૪-૯૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* શ્રી જેસંગભાઈ મેપાભાઈ શાહ ( વર્ષ-૭૮ ) તા ૯-૪-૯૭ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણા વર્ષોથી પૂજ્ય ગુરુદેવશ્રીના પરિચયમાં આવ્યા હતા. નાઈરોબી પંચકલ્યાણક પ્રતિષ્ઠામાં તેમણે ઈન્દ્ર તરીકેનો લાભ લીધો હતો.

* લીંબડીનિવાસી કસ્તુરીબેન પોપટલાલ શાહ ( પૂજ્ય ગુરુદેવશ્રી વારંવાર જેમનું દૃષ્ટાંત આપે છે તે ગોવાવાળા શાંતિલાલ ખુશાલદાસ ગોસળીયાના બેન ) ( વર્ષ-૭૭ ) તા. ૧૯-૫-૯૭ના રોજ સવારે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ વર્ષો સુધી સોનગઢ રહીને ઘણો લાભ લીધો હતો. જેમના તરફથી બોરીવલીમાં નૂતન જિન મંદિર બાંધી આપવામાં આવનાર છે તે પોતાના પુત્ર શ્રી નવીનભાઈને નૂતન મંદિર માટે તેઓએ ખૂબ પ્રેરણા આપી હતી. તેમજ તે નૂતન મંદિરના શિલાન્યાસ પ્રસંગે તેઓએ જાણે કે મંદિરની પ્રતિષ્ઠા થતી હોય તેટલા ઉલ્લાસ ને ભક્તિપૂર્વક તા. ૧૮-૫-૯૭ના રોજ સવારે શિલાન્યાસવિધિ કરી હતી. છેલ્લે સુધી શુદ્ધિપૂર્વક શાંત પરિણામ સહિત દેહવિલય પામ્યા હતા.

—સ્વર્ગસ્થ આત્માઓએ ભવોદધિ તારણહાર પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# 卐 પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર 卐

✻ નિર્મળ પરિણામ હો કે મલિન પરિણામ હો તેના સ્વકાળે જ તે થાય છે, તે પરિણામનો તે જન્મક્ષણ છે. ખરેખર જે કાંઇ થાય છે તેનો તું જાણનાર છો, આમ કેમ થાય છે એ પ્રશ્ન જ નથી. જે કાળે જે પરિણામ થાય તેનો જાણનાર રહે. અહા પ્રભુ! તારી ગંભીરતાનો પાર નથી, દ્રવ્યસ્વભાવ–ગુણસ્વભાવ–પર્યાયસ્વભાવ–મહાગંભીર-સ્વભાવ છે. ૫૬.

✻ પર્યાયમાં જોવાની છે પોતાની વર્તમાન યોગ્યતા અને દ્રવ્યમાં જોવાનું છે પોતાનું ત્રિકાળી સામર્થ્ય. પરમાં તો એને જોવાનું છે જ નહિ. કર્મને આધીન થઇને રાગ કરે છે એ પરંતત્રમાં પણ ભોગવાની તેની પર્યાયમાં યોગ્યતા છે અને તે જ વખતે તે રાગથી ભિન્ન દ્રવ્યસ્વભાવની શુદ્ધતાનું સામર્થ્ય સદાય એવું ને એવું જ છે એમ દેખે છે. ૫૭.

✻ જીવ પ્રમાણજ્ઞાનના લોભથી નિશ્ચયમાં આવી શકતો નથી–ત્યાં એમ કહેવું છે કે અજ્ઞાની પર્યાયનું અને દ્રવ્યનું જ્ઞાન કરવા જાય છે ત્યાં અનાદિના અભ્યાસથી પર્યાયમાં અહંપણાનું જોર રહેવાથી દ્રવ્યનું જ્ઞાન સાચું થતું નથી. અજ્ઞાનીને એમ થાય છે કે પર્યાય છે ને! પર્યાય છે તો ખરી ને! એમ પર્યાય ઉપર જોર આપવાથી દ્રવ્ય ઉપર જોર આપી શકતો નથી અને તેથી અંદરમાં ઢળી શકતો નથી. પર્યાય નહિ માનું તો એકાન્ત થઇ જશે એવો ભય રહે છે. આ રીતે પ્રમાણજ્ઞાનના લોભથી પર્યાયને ગૌણ કરી દ્રવ્યસન્મુખ ઢળી શકતો નથી. ૫૮.

✻ એક વિચાર આવ્યો કે તીર્થંકર જેવાને માતાના પેટમાં આવવું પડે, સવા નવ માસ પેટમાં સંકોચાઇને રહેવું પડે, જન્મ લેવો પડે! આહાહા! ઇન્દ્રો જેની સેવા કરવા આવે એવા તીર્થંકરોની પણ આ સ્થિતિ! અરેરે સંસાર! આ શું છે?....વૈરાગ્ય... વૈરાગ્ય...સર્વોત્કૃષ્ટ પુણ્યના ધણી એવા તીર્થંકરને પણ માતાના પેટમાં રહેવું પડે! આહાહા! સંસારની છેલ્લી સ્થિતિની વાત છે. અરેરે પ્રભુ! આ સંસાર! સંસારની આવી સ્થિતિ વિચારતાં આંખમાંથી આંસુ હાલ્યા જાય! જન્મ લેવા જેવો નથી. તીર્થંકરગોત્ર કર્મને પણ ઝેરનું ઝાડ કહ્યું છે; અને જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ ઝેર છે, વિષકુંભ છે. તીર્થંકરના અવતારને ઝેરનું ફળ કહે એ તો તીર્થંકર કહી શકે. ઝેરના ફળમાંથી ઝેર ઝરે ને અમૃતના ફળમાંથી અમૃત ઝરે. આહાહા! તીર્થંકરની તો જાત જુદી છે છતાં તીર્થંકર જેવાની પણ આ સ્થિતિ છે! આહાહા! જન્મ લેવા જેવો નથી. ૫૯.

## * કરું.....કરું....કરુંની દૃષ્ટિ છોડ *

કરવા–ફરવાનું છે જ ક્યાં? કરું...કરુંની દૃષ્ટિ જ છોડવાની છે. રાગને કરવાનું તો છે જ નહિ પણ આત્મામાં અનંતાગુણ છે તેનું પરિણમન પણ સમયે સમયે થઈ જ રહ્યું છે તેને પણ કરે શું? ફક્ત તેના ઉપરથી દૃષ્ટિ છોડીને અંદરમાં જવાનું છે.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૧૬૮/– અલગ]

A ૧૦૦ શ્રી દિલીપકુમાર આનંદીલાલ શાહ
"આનંદી મંગલમ્" વાસણના વેપારી,
ભોઈવાડા, [illegible], મુ. વડોદરા